# રાજ્ય પરીક્ષા બોર્ડ,ગાંધીનગર

## જીસીસી (ટાઇપ) જુલાઇ-૨૦૧૮ પરીક્ષાના પરિણામનું જાહેરનામું

ક્રમાંક:રપબ/જીસીસી/ટાઇપ/પરીણામ/૨૦૧૮/૧૨૮૫૯-૧૨૧૩૬ તા:૨૦/૧૧/૨૦૧૮

રાજ્ય પરીક્ષા બોર્ડના તારીખ:-૨૮/૦૬/૨૦૧૮ના જાહેરનામા ક્રમાંક:રપબ/જીસીસી/જુલાઇ-૨૦૧૮ /૩૨૩૧-૩૨૯૪ અન્વયે જીસીસી ટાઇપની પરીક્ષા તા.૧૮/૦૮/૨૦૧૮ થી તા.૨૧/૦૮/૨૦૧૮ દરમિયાન લેવામાં આવેલ હતી. આ પરીક્ષાનુ પરિણામ તારીખ:૨૦/૧૧/૨૦૧૮ ના રોજ જાહેર કરવામાં આવેલ છે.

સંબંધિત ટાઇપની સંસ્થાઓએ પોતાની ઇન્સ્ટિટ્યુટનાં ગુણપત્રકો, પ્રમાણપત્રોનુ સીલબંધ કવર બોર્ડની અત્રેની કચેરીએથી મોકલી આપવામાં આવશે. ખાનગી વિદ્યાર્થીઓના ગુણપત્રકો અને પ્રમાણપત્રો બોર્ડની કચેરીએથી રવાના કરવામાં આવશે.

જે ઉમેદવાર ગુણચકાસણી કરાવવા ઇચ્છતા હોય તેઓએ સંબંધિત સંસ્થા મારફત અને ખાનગી ઉમેદવારોએ સીધી બોર્ડની વેબસાઇટ ઉપરથી મેળવેલ પરીણામના આધાર (બિડાણ) સાથે પરિણામની તારીખ થી દિન-૦૭માં અરજી સાથે "સચિવશ્રી,રાજ્ય પરીક્ષા બોર્ડ,ગાંધીનગર" ના નામનો રૂ! ૧૦૦/-(અંકે રૂપિયા સો પુરા)નો ડિમાન્ડ ડ્રાફ્ટ(ડી.ડી) (તારીખ:-૩૦/૧૧/૨૦૧૮ સુધીનો) મોકલવાનો રહેશે. જે ઉમેદવારો પોતાની ઉત્તરવહિઓનુ પુન: અવલોકન કરવા ઇચ્છતા હોય તેઓએ સંબંધિત સંસ્થા મારફત અને ખાનગી ઉમેદવારોએ સીધી બોર્ડની વેબસાઇટ ઉપરથી મેળવેલ પરિણામના આધાર (બિડાણ) સાથે પરિણામની તારીખ થી દિન-૦૭માં અરજી સાથે "સચિવશ્રી,રાજ્યપરીક્ષા બોર્ડ,ગાંધીનગર"ના નામનો રૂ!.૩૦૦/-(અંકે રૂપિયા ત્રણસો પુરા)નો ડિમાન્ડ ડ્રાફ્ટ(ડી.ડી) (તારીખ:-૩૦/૧૧/૨૦૧૮ સુધીનો) મોકલવાનો રહેશે. તેઓની અરજી બોર્ડને તારીખ:-૦૩/૧૨/૨૦૧૮ સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે. ત્યારબાદ આવેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહી. જીસીસી ટાઇપ પરીક્ષા જુલાઇ-૨૦૧૮ ના પરિણામની વિગત નીચે મુજબ છે.

| Exam Name | Register | Absent | Appear | Fail | Pass | Result |
|---|---|---|---|---|---|---|
| ENGLISH TYPE 40 | 1324 | 239 | 1085 | 81 | 1004 | 92.53% |
| ENGLISH TYPE 50 | 253 | 41 | 212 | 127 | 85 | 40.09% |
| ENGLISH TYPE 60 | 157 | 37 | 120 | 80 | 40 | 33.33% |
| GUJARATI TYPE 25 | 890 | 137 | 753 | 265 | 488 | 64.81% |
| GUJARATI TYPE 35 | 228 | 37 | 191 | 179 | 12 | 6.28% |
| GUJARATI TYPE 40 | 238 | 32 | 206 | 164 | 42 | 20.39% |
| HINDI TYPE 25 | 14 | 2 | 12 | 0 | 12 | 100.00% |
| **Grand Total** | **3104** | **525** | **2579** | **896** | **1683** | **65.26%** |

અધ્યક્ષ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

Scanned by CamScanner